## શામળાજી ટેલિફોન એક્સચેન્જમાં
# આગ લાગતા મોબાઈલ અને લેન્ડલાઈન ફોન મૂંગા

શામળાજી, તા. ૨૨

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં આવેલા બીએસએનએલ એકસચેન્જ ઓફિસમાં ગુરુવારે મધ્ય રાત્રિએ શોર્ટ સર્કિટથી એસીમાં બ્લાસ્ટ થયા બાદ ભીષણ આગ લાગતા ટેલિફોન એક્સચેન્જ ઓફિસમાં રહેલી મશીનરી બળીને ખાખ થઈ ગઈ હતી. ટેલિફોન એક્સચેન્જ ઓફિસમાં આગ લાગતા ગ્રામજનો દોડી આવી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયત્ન હાથ ધરાતા ભારે જાહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. બીએસએનએલ એક્સચેન્જમાં આગની ઘટનાના પગલે અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આગમાં તમામ મશીનરી બળીને ખાખ થતા મોબાઈલ નેટવર્ક અને લેન્ડલાઈન ફોન મુંગા મંતર બન્યા હતા. ઈન્ટરનેટ સેવા ખોરવાતા વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ મેળવવા ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

### ઓનલાઈન અભ્યાસ કરતા બાળકોને હાલાકી




પ્રાપ્ત માહીતી અનુસાર શામળાજી ખાતે આવેલ બીએસએનએલ એકસચેન્જમાં મોડી રાત્રે એ.સી એકાએક બ્લાસ્ટ થવાથી ઓફિસમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, આગની જાણ આજુબાજુ રહેતા ગામજનો તાત્કાલિક ઓફિસ પાસે પહોંચીને જોયું તો આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું તેમ છતાં ગામજનો ભેગા મળીને ઓફિસમાં પ્રવેશ કરીને પાણીનો મારો ચાલુ કરીને બે કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ગ્રામજનોએ બીએસએનએલના અધિકારીઓને જાણ કરતા અધિકારીઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા. આ અંગે જે.ટી.ઓ. થોમસે જણાવ્યું હતું કે આગ એસી બ્લાસ્ટ થવાથી આગ લાગી હતી જેનાથી આખું ટેલીફોન એક્સચેન્જ બળી ને ખાખ થઈ ગયું છે. જેનાં કારણે શામળાજી પંથકમાં એક હજારથી ઉપરાંત મોબાઈલ તથા લેન્ડલાઈન ફોન સેવા ઠપ્પ થઈ ગઈ છે. ઓનલાઈન શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને ભારે હાલાકી ભોગવવી પડી હતી. બીએસએનએલની સેવાથી ચાલતી પોસ્ટ ઓફિસ બેંકોને કનેક્ટીવીટી ન મળવાને કારણે હજારો ગ્રાહકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. આ એક્સચેન્જ ફરીથી ચાલુ કરવા માટે બીએસએનએલના અધિકારીઓ આવી પહોંચ્યા હતા અને તાત્કાલિક અસરથી મોબાઈલ ટાવર ચાલુ કરવામાં આવે તેવા પ્રયત્નો હાથ ધર્યા હતા. આગને કારણે લાખો રૂપિયાની મશીનરી બળીને ખાખ થઈ ગઈ હતી.

# "આ ગીર નહી અરવલ્લી છે" : ગઢડા કંપાના ખેડૂતે પરંપરાગત ખેતી છોડી

## શેરડીની ખેતી શરૂ કરી ઘર આંગણે જ ઓર્ગેનિક ગોળનું ઉત્પાદન શરૂ કર્યું

મોડાસા, તા. ૨૨

સિંહ ગર્જના માટે જાણીતો ગીર પંથકની કેસર કેરીની જેમ ઓર્ગનિક દેશી ગોળ માટે પણ



ખુબ પ્રખ્યાત છે. ગીરમાં ઠેર ઠેર ગોળનું ઉત્પાદન કરતા રાબડાઓ ઠેર ઠેર ધમધમતા જોવા મળે છે, ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ગઢડા કંપાના ખેડૂત હરિભાઈ અરજણભાઈ પટેલે પરંપરાગત ખેતી છોડી એક એકરમાં કોઈ પણ પ્રકારના કેમિકલ વગર શેરડીના પાકનું વાવેતર કરી શેરડીમાંથી ઓર્ગેનિક ગોળ બનાવી વેચાણ શરૂ કરતા લોકોમાં ઓર્ગેનિક ગોળ ભારે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો હોવાની સાથે ખરીદી કરવા ઉમટી રહ્યા છે.



ભારત કૃષી પ્રધાન દેશ છે, દેશમાં મહત્તમ લોકો ખેતી પર જીવનનિર્વાહ ચલાવી રહ્યા છે, ખેડૂતો ધીરે ધીરે આધુનીક અને ઑર્ગનિક ખેતી તરફ પ્રયાણ કરી રહ્યા છે. કેટલાય ખેડૂતો પરંપરાગત ખેતી છોડી પોતાની અનોખી ટેક્નિક અને બુદ્ધિનો ઉપયોગ કરી અને આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ કરીને મબલખ ઉત્પાદન કરે છે. હાલ દેશમાં ઓર્ગેનિક શાકભાજી અને ધાન્યની ડિમાન્ડમાં નોંધપાત્ર વધારો થતા ખેડૂતો ઓર્ગેનીક ખેતી તરફ વળ્યાં છે. અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ગઢડા કંપાના ખેડૂત હરિભાઈ અરજણભાઈ પટેલે એક એકર જમીનમાં કોઈ પણ પ્રકારના રાસાયણીક ખાતર કે કેમીકલ વગર શેરડીનું ટપક પધ્ધતિથી વાવેતર કરી ખેતરમાં જ ઓર્ગેનીક ગોળનું ઉત્પાદન શરૂ કરતા ઓર્ગેનીક ગોળની ખરીદી માટે મોટા પ્રમાણમાં લોકો ઉમટી રહ્યા છે.

ખેડૂત હરિભાઈ પટેલના જણાવ્યા અનુસાર હાલ પ્રાયોગિક ધોરણે એક એકરમાં કોઈ પણ પ્રકારના રાસાયણિક ખાતરનો ઉપયોગ કર્યા વગર પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી શેરડીના પાકનું ૧૦/૨ ફૂટના અંતરે ટપક પિયત પધ્ધતિથી અપનાવી વાવેતર કરી શેરડી પાકમાં જરૂરીયાત મુજબ ગૌમૂત્ર, છાણ, ગોળ અને કઠોળના લોટનું જીવામૃત બનાવી શેરડીના પાકને તૈયાર કરવામાં આવ્યો છે અને આ શેરડીમાંથી શુદ્ધ ગોળ બનાવી ડબ્બામાં પેક કરી વેચાણ કરવામાં આવી રહ્યો છે અને આ ઓર્ગેનિક ગોળની માંગ વધુ હોવાથી સારું વળતર મળી રહેશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વેરા બાકીદારો સામે લાલ આંખ

## વેરો નહી ભરે તો નળ કનેક્શન સહિત મિલકત સિલ કરવામાં આવશે : એક હજારથી વધુ બાકીદારોને આપી નોટીસ

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વેરા નહી ભરનાર મિલકત માલિકો સામે લાલ આંખ કરી છે.




પ્રાંતિજ નગરપાલિકા દ્વારા પાલિકામાં છેલ્લા દસ વર્ષથી ૧૦,૦૦૦થી ઉપરનો બાકી વેરો નહી ભરનાર ૧૦૦૦થી વધુ બાકીદારોને વેરો નહી ભરનાર રીઢા બાકી દારોને ૧૫ દિવસમાં વેરો નહી ભરે તો વેરા બાકીદારોનું નળ કનેશન કાંપી નાખવાની તથા મિલકતો સીલ કરવામાં આવશે તેવી નોટીસો આપવામાં આવી.




## સાબરકાંઠા બેંકમાં મહેશભાઈ પટેલની ચેરમેન તરીકે પુનઃ સર્વાનુમતે વરણી

સાબરકાંઠા જિલ્લાની ટોચની સહકારી સંસ્થાની સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક. લી હિંમતનગરની તાજેતરમાં મળેલી બેંક ડિરેક્ટરોની બેઠકમાં ચેરમેન તરીકે પુનઃ જાણીતા આગેવાન મહેશભાઈ અમીચંદભાઈ પટેલની ચેરમેન તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે જ્યારે વાઈસ ચેરમેન તરીકે અરૂણસિંહ ભાટીની પણ બિનહરીફ વરણી કરવામાં આવતા સમગ્ર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સહકારીઆલમમાં આનંદની લાગણી વ્યાપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે મહેશભાઈ પટેલના શાસનમાં બેંકની વસુલાતક્ષેત્રે તેમજ બેંકીંગની તમામ સેવાઓમાં અને બેંક ગ્રાહકોના હિતમાં સહકારી મંડળીઓના હિતમાં અનેકવિધ સુવિધાઓ અને બેંકની ઉત્તરોત્તર પ્રગતિમાં સિંહ ફાળો રહ્યો છે. ચેરમેનના ચેરમેનની વરણીને ઠેર ઠેરથી આવકાર સાપડી રહ્યો છે.

# ઘરફોડી ચોરીમાં કાલબેલિયા ગેંગના સાગરીતને મોડાસા ટાઉન પોલીસે હિંમતનગરથી દબોચ્યો

અરવલ્લી જીલ્લામાં ઘરફોડ ચોરીના ગુન્હાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે થોડા મહિના અગાઉ મોડાસા શહેરમાં દિવસે થ્રિ-વ્હીલર ટ્રોલી મોટર સાયકલ લઈ ભંગાર વીણવા નીકળી રાત્રે ચોરીની ઘટનાને અંજામ આપતી કાલબેલિયા ગેંગના સાગરીતને કુમકુમ પાર્ટી પ્લોટ પાછળથી ચોરી કરેલ ફ્રિજ અને એસીના કોમ્પ્રેસર અને આઉટડોર એસી સાથે પ્રેમનાથ નાથુલાલ કાલબેલિયાને ઝડપી પાડી મોડાસા કોલેજ રોડ પર આવેલ લાલા કુલિંગ અને સાગર એસી ફ્રીજ રીપેરીંગ નામની દુકાનમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો અને ગેંગના અન્ય આરોપીઓને ઝડપી પાડવા કવાયત હાથધરી હતી ત્યારે કાલબેલિયા ગેંગના વધુ એક સાગરીત વિનોદ ઉર્ફે જાંગડી રમેશ પરમારને હિંમતનગરથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મોડાસા શહેરના કોલેજ રોડ પર આવેલ લાલા કુલિંગ અને ફ્રિજ એસી રીપેરીંગ નામની દુકાન આગળ મુકેલ એસી અને ફ્રિજના કોમ્પ્રેસર અને એસી આઉટડોર ની ચોરીની ઘટના બનતા આ અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં



ફરિયાદ નોંધાઈ હતી આ અંગે ટાઉન પોલીસે સીસીટીવી કેમેરા અને બાતમીદારોને સક્રિય કરી ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલવા ઝીણવટભરી તપાસ હાથધરી હતી જેમાં દિવસ દરમિયાન મોડાસા શહેરમાં થ્રિ-વ્હીલર ટ્રોલી મોટર સાયકલ લઈ ભંગાર વીણવા નીકળતી કાલબેલિયા ગેંગની સંડોવણી બહાર આવતા પોલીસે શહેરમાં ભંગાર વીણવા નીકળતી ગેંગનું પગેરું દબાવ્યું હતું અને મોડાસા શહેરના મેઘરજ રોડ પર આ ગેંગે પડાવ નાખ્યો હોવાની બાતમી મળતા મેઘરજ રોડ પર આવેલ કુમકુમ પાર્ટી પ્લોટ પાછળથી કાલબેલિયા ગેંગના પ્રેમનાથ નાથુલાલ કાલબેલિયા (રહે,બાંસગામ,ઉદેપુર-રાજસ્થાન) ઝડપી પાડી ચોરી કરેલ એસી ફ્રિજના કોમ્પ્રેસર અને એસીનું આઉટડોર મળી રૂ.૨૯૦૦૦/- અને થ્રિ-વ્હીલર ટ્રોલી મોટર સાયકલ મળી કુલ રૂ.૭૯૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને પ્રેમનાથની સઘન પૂછપરછમાં અન્ય સાગરીતો પણ આ ચોરીમાં સંડોવયેલ હોવાનું જણાવતા ટાઉન પોલીસે કાલબેલિયા ગેંગના સાગરીતોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરતા કાલબેલિયા ગેંગના વધુ એક નામચીન ચોર વિનોદ ઉર્ફે જાંગડી રમેશ પરમારને હિંમતનગરને બાતમીના આધારે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી



## અંબાજી-અમદાવાદ બસ ખોટકાતા મુસાફરો રઝળ્યા

ખેડબ્રહ્મા ખાતે અંબાજી થી અમદાવાદ જતી બસ બગાડતાં પેસેન્જરો રાજળ્યા હતા. હીમતનગર ડેપોની બસ નબર જી.જે. ૧૮ ઝેડ ૪૫૪૭ ની બસ અંબાજીથી અમદાવાદ ની બપોરે ખેડબ્રહ્મા લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે હેન્ડ બેલ્ટ તૂટી જવાના જવાના કારણે ખોટકાઈ હતી જેથે તેમાં બેઠેલ પેસેન્જરોને બીજી બસ ના આવે ત્યાં સુધી રસ્તે રજડવાનો વારો આવ્યો હતો.

# પાલનપુરમાં નિવૃત્ત પ્રૌઢની નજર ચૂકવી બેગ લઈ ગઠિયો ફરાર

પાલનપુર શહેરના ઠક્કરબાપા છાત્રાલય પાસે આવેલ ગલબાભાઈ પટેલના પુતળા પાસેથી પસાર થતા એક નિવૃત્ત પ્રૌઢને વાતોમાં ભોળવી એક ગઠિયો તેમની બેગ સાથે લઈ ફરાર થઈ ગયો હતો. અગત્યના ડોક્યુમેન્ટ અને સોનાની વીંટી મળી રૂ.૪૦,૦૦૦ના મુદ્દામાલ સાથેની બેગ લઈ ગઠિયો ફરાર.

પાલનપુરના ટેલીફોન એક્સચેન્જ સામે દુર્ગા ઓફસેટની બાજુમાં રહેતા ઈશ્વરલાલ કકલદાસ મોઢ નિવૃત્તિ જીવન ગાળે છે. તેઓ પોતાના પુત્રના વીમાનું પ્રિમિયમ ભરવા માટે એલ.આઈ.સી. ઓફીસ ગઠામણ દરવાજા જઈ રહ્યા હતા. ત્યારે સર્કલ પાસે થી પસાર થતા સમયે અજાણ્યો ઈસમ એકટીવા લઈને આવેલો અને તેમને બેસી જવા કહેલું પરંતુ તેઓ એકટીવા પર બેઠા ન હતા. પરંતુ એક્ટિવા ચાલકે અલગ-અલગ વાતો કરી વાતોમાં લઈ અને તેમની પાસે રહેલી બેગ નજર ચૂકવીને લઈને ફરાર થઈ ગયો હતો.

અગત્યના ડોક્યુમેન્ટ અને રૂ. ૪૦,૦૦૦ ની કિંમતની સોનાની વીંટી સાથેની બેગ નજર ચૂકવીને ગઠિયો લઈને ફરાર થઈ જતા નિવૃત પ્રૌઢે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરની ચાર મોબાઈલની દુકાનોમાં આઈફોન કંપની અને એલસીબીના દરોડા

## પોલીસે ચાર દુકાનોમાં વેચાતો ડુપ્લિકેટ આઈફોન કંપનીનો રૂ.પ.પ૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

પાલનપુર શહેરમાં મોબાઈલની દુકાનો માં આઈફોન કંપનીની એસેસરિઝની કોપી રાઈટ કરી વેચાણ કરતા કંપનીના સ્ટાફ દ્વારા પોલીસને સાથે રાખી રેડ કરવામાં આવી હતી. જેમાં ચાર દુકાનોમાંથી રૂ ૫,૫૦,૦૦૦ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી ચાર વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેના પગલે અન્ય મોબાઈલની દુકાનોના વેપારીઓમાં ફફડાટ પ્રસરી ગયો છે.



બનાસકાંઠાના પાલનપુર શહેરમાં મોબાઈલની દુકાનોના વેપારીઓ દ્વારા આઈફોન કંપનીનો ગેરકાયદેસર રીતે ઉપયોગ કરી કોપીરાઈટના આધારે મોબાઈલોની એસેસરીજનું વેચાણ કરવામાં આવતુ હતુ.જેની જાણ કંપનીને થતા કંપના સ્ટાફ દ્વારા આ બાબતે જિલ્લા પોલીસ વડાને જાણ કરી હતી. જેથી કંપનીના સ્ટાફ દ્વારા એલસીબી પોલીસ સ્ટાફના માણસો દ્વારા ગુરૂવારે પાલનપુરમાં આવેલ ચાર મોબાઈલની દુકાનોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. અને આઈફોન કંપનીના માર્કાનો લાયસંસ વગર એસેસરિઝનુ વેચાણ કરતા દુકાનોમાંથી અંદાજીત રૂ.૫,૫૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી ચાર વેપારીઓની અટકાયત કરી કંપની દ્વારા પૂર્વ પોલીસ સ્ટેશનમાં કોપીરાઈટ ની ફરીયાદ નોંધાવવામાં આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## યુવા ભાજપ પ્રમુખ સહિતના વેપારીઓની અટકાયત

પાલનપુરમાં મોબાઈલની દુકાનોમાં રેડ કરી આઈફોન કંપનીના માર્કાનો લાઈસન્સ વગર એસેસરીઝનું વેચાણ કરતી દુકાનોમાંથી રૂ.૫.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યા બાદ પોલીસે અટકાયતનો દોર હાથ ધર્યો હતો. જેમાં પાલનપુર શહેર યુવા ભાજપ પ્રમુખ અશોક પટેલ સહિતના વેપારીઓની અટકાયત કરતા વેપારીઓમાં સોપો પડી ગયો હતો. પોલીસે નીચે મુજબના વેપારીઓ સામે ગુનો નોંધી અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

(૧) વિપુલભાઈ સોભાગચંદ મોદી (વર્ધમાનબંગ્લોઝ, પાલનપુર)
(૨) વિજયકુમાર અંબાલાલ ગાંભવા (રહે. ગણેશપુરા, પાલનપુર)
(૩) અશોકભાઈ ભગવાનભાઈ પટેલ (વિરપુર ફાર્મ, પાલનપુર)
(૪) અમનભાઈ મહેન્દ્રભાઈ ગોહિલ (બેંક સોસાયટી, પાલનપુર)

# શામળાજીમાં પોલીસ જોઈ ટ્રક રોડ પર મૂકી ટ્રકચાલક ડુંગરમાં નાઠો : ટ્રકમાંથી ૧૭૦ પેટી વિદેશી દારૂ ઝડપ્યો

અરવલ્લી જિલ્લાની આંતર રાજય સરહદનો ગુજરાત



રાજ્યમાં વિદેશી દારૂ ઠાલવવા બુટલેગરો દ્વારા વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવતો હોવાનું અનેકવાર સાબિત થઈ ચૂક્યું છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ મુખ્ય અને અંતરીયાળ માર્ગો પરથી દારૂની હેરાફેરી અટકાવવા રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલીંગ કરી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી રહી છે.

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતાં રાજસ્થાન તરફથી વિદેશી દારૂ ભરી આવી રહેલ ટ્રકનો ચાલક ટ્રક રોડ સાઈડ ઉભો રાખી ડુંગર પર નાસી છૂટતા પોલીસે ટ્રકમાંથી તૂટેલા કેરેટની આડમાં સંતાડેલ ૬.૧૨ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શુક્રવારે વહેલી સવારે શામળાજી પીએસઆઈ અનંત દેસાઈ અને તેમની ટીમે અણસોલ ગામની સીમમાં વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા રતનપુર ચેકપોસ્ટ બાજુથી ટ્રકમાં તૂટેલા કેરેટની આડમાં વિદેશી દારૂ ભરી આવી રહેલ ટ્રક ચાલક પોલીસ ચેકીંગ જોઈ ગભરાઈ જતા રોડ પર ટ્રક મૂકી રોડની બાજુમાં રહેલા જંગલમાં ફરાર થઈ જતા પોલીસે બિનવારસી ટ્રકમાં તલાસી લેતા જુના તૂટેલા પ્લાસ્ટિકના કેરેટની આડમાં સંતાડેલ વિદેશી દારૂની બોટલ નંગ-૨૦૪૦ કીં. રૂ.૬૧૨૦૦૦નો જથ્થો જપ્ત કરી ટ્રકની કીં. રૂ. ૭ લાખ મળી કુલ રૂ. ૧૩.૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



## ખેડબ્રહ્મા તાલુકાનાં રુદ્રમાળામાં વાસમો પાઇપ લાઇનનું ખાત મુહૂર્ત કરાયું

ખેડબ્રહ્મા તાલુકાના રુદ્રમાલા ગામે ગામની સુખાકારી અને પાણીના વિતરણના વ્યવસ્થાપન અર્થે જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ વાસ્મો સાબરકાંઠા દ્વારા ગત સપ્ટેમ્બર માં ગામની વિતરણ પાઈપલાઈન, ખેડબ્રહ્મા ભાગ-૨ જૂથ યોજનાના નવિન ભુગર્ભ સંપથી રાઈઝીંગ મેઈન પાઈપલાઈન, તેમજ ઘરે ઘરે નળ જોડાણ જેવા ઘટકોની યોજના મંજૂર કરવામાં આવેલ છે. જેનું ખાત મુહત ખેડબ્રહ્મા એ,પી.એમ.સી. ચેરમેન જસુભાઈ જે પટેલ ધ્વારા કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ખેડબ્રહ્મા ભાજપ તાલુકા પ્રમુખ સુરેશભાઈ પટેલ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુરના ડીસા હાઈવે પર ભંગારના ગોડાઉનમાં ચોરી

પાલનપુર ચરોતર હાઈવે પર આવેલ એવન સ્કેપ ટ્રેડર્સ નામની ભંગાર ની દુકાનના ગોડાઉનનુ તાળુ તોડી રૂ.૨૫,૦૦ની ચોરી કરી થઈ હોવાની ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર ડીસા હાઈવે પર એવન સ્કેપ ટ્રેડર્સ નામની ભંગારની દુકાન આવેલી છે. જેઓના ગોડાઉનમાં ગત મોડીરાત્રે લોડીગ રીક્ષા નં.પ્ન-૦૮-છફ- ૨૩ ૫૬ ના ચાલકે ગોડાઉનનું તાળું તોડી અંદર પડેલ ભંગારની ચોરી કરી હતી. ત્યારે ફરિયાદી ઈરફાનખાન હજીસિદીકખાન પઠાણ રહે. આનંદ નગર સોસાયટી જી.ડી.મોદી કોલેજની પાસે પાલનપુર વાળાએ ચોરી કરનાર પ્રકાશભાઈ હમીરજી ઠાકોર રહેવાસી ચડોતર વાળા સામે રૂ.૨૫,૦૦૦ના ભંગારની ચોરી કરવા બદલ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.